જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૨૦ ગુરૂવાર

**<u>અમદાવાદ શહેર પોલીસ સમાચાર</u>**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**
**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪/૨૦૨૦</u>**

# <u>ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

### <u>દાણીલીમડા પોલીસ સ્ટેશનના એક્ટીવા ગાડી ચોરીનો ગુનો શોધી કાઢી મુદામાલ રીકવર કરી બે આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી તથા પોલીસ ઇન્સપેકટર કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૩/૦૦ વાગે સુર્યનગર ગરનાળા પાસેથી અ.પો.કો વિજયસિહ બાબુભાઇ તથા અ.લો.ર મયુરસિહ રમેશભાઇ તથા અ.લો.ર રોહીતસિહ નટુભાનાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) રાશીદ સ/ઓ રફીકભાઇ શફીભાઇ શેખ ઉ.વ. ૨૦ રહે શાહ નગર વાઘરીવાસ જીતુ ભગત કમ્પાઉંડ ની પાછળ શાહ આલમ દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) સોહેલ સ/ઓ અબ્દુલરસીદ અબ્દુલ્લાભાઇ શેખ ઉ.વ ૧૯ રહે શાહનગર મેડીકલવાળી ગલી ચોકીદાર બાવાની દરગાહ ની સામે જીતુઅભગત કમ્પાઉંડ ની બાજુમા શાહ આલમ અમદાવાદ શહેર*નાઓને* એક હોન્ડા એકટીવા આગળ પાછળ આર.ટી.ઓ નંબર પ્લેટ જણાતી નથી જેનો એંન્જીન નંબર જોતા JF50EU3082613 વંચાય છે તથા ચેચીસ નંબર સ્પષ્ટ વંચાતો નથી .જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ની મત્તા સાથે પકડી પાડી *દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ૧૧૧૯૧૦૧૨૨૦૦૧૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪*મુજબનો ગુનો શોધી કાઢેલ



# તડીપાર આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

### તડીપાર હુકમનો ભંગ કરનાર ઈસમને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

ભરત ઉર્ફે જુમ્મા જ્યોતિ લાલ જાતે કઠેરીયા* રહે. ૨૧, ડોક્ટર ગાંધીની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેરનાને બે વર્ષ માટે અમદાવાદ શહેર તથા આજુબાજુના જીલ્લાઓમાં તડીપાર કરવામાં આવેલ જે ઈસમને મેઘાણીનગર પોલીસ દ્વારા પકડી પાડી જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.



# ગુમ થયેલ બાળકને શોધી તેના વાલી-વારસને સોંપતી ઇસનપુર પોલીસ

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## ગુમ થયેલ તેર વર્ષના બાળકને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

આજરોજ તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ રાતના અઢી વાગે એક ઇસમ નામે ભાનુભાઇ ગેંદાલભાઇ બારીયા ઉ.વ ૩૧ રહે,પાણીના ટાંકા પાસે સમ્રાટનગર સ્મૃતી મંદિર વટવા અમદાવાદ મુળવતન ગામ-રાજપુર તા-ઝાલોદ જી-દાહોદ નાઓએ આવી જાહેર કરેલ કે પોતાના દિકરા સતીષ ઉ.વ ૧૩ નાને ગઇ તા ૨૯/૦૧/૨૦૨૦ ના બપોરના સાડા અગિયાર વાગ્યાની આસપાસ પોતાના પિતાએ ઝાલોદ તાલુકા પંચાયત પાસેથી ધુધસ-ઝાલોદ થી અમદાવાદ-બાવળા જતી બસમા મકાઇના બાચકો લઇને અમદાવાદ આવવા માટે બેસાડેલ અને પોતાના પિતાજીએ બસમા બેસાડેલ હોવાની જાણ કરતા પોતે સાંજના સાડા ચાર વાગે ઇસનપુર ચાર રસ્તા ખાતે બસની રાહ જોઇને ઉભા હતા પરંતુ બસમાથી પોતાનો દિકરો ઉતરેલ નહી અને બસમા તપાસ કરતા મકાઇનુ બાચકુ મળી આવેલ જેથી પોતાનો દિકરો બીજા કોઇ સ્ટોપેઝ ઉપર ઉતરી ગયેલ હશે તેમ માની પોતાના દિકરાની તપાસ કરતા તે મળી આવેલ નહી વિગેરે જાહેરાત કરતા તેઓની ફરીયાદ લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૧૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરી આ ગુમ થયેલ બાળકને શોધી કાઢવા સારૂ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓને સર્વેલન્સ સ્કોડની જુદી-જુદી ટીમો બનાવી જુદીજુદી દિશાઓમા તપાસ કરી ગુમ થયેલ બાળકને શોધી કાઢવાની સુચના આપતા તેઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદીજુદી ટીમો પાડી ગુમ થયેલ બાળકના ફોટા સાથે ઇસનપુર્થી રીંગ રોડ સુધીમા તપાસ કરતા આજરોજ સવારના ઓઢવ રીંગરોડ ખાતેથી સદરી બાળક મળી આવતા બાળકનો કબ્જો તેના વાલીને હેમખેમ સોપી સારી કામગીરી કરેલ છે આ કામગીરી કરવામા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ તથા સ્ટાફ સામેલ હતા તા ૩૦/૦૧/૨૦૨૦



# <u>પાસાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૨૯.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા અજાણ્યા ઈસમ પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવનાર તથા પોતાના ઘરે દેશી દારુ ગાળી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાનો ઉત્પાદન કરી એકબીજાના મેળાપીપણામાં ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુના જથ્થાની હેરાફેરીકરી દેશી દારુનુ વેચાણ કરનાર બહેન દિનાબેન રાજુભાઈ છોટુભાઈ ચુનારા રહેવાસી-બ્લોક ન.૫૭/૧૭૯૩ શ્યામપ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | દિનાબેન રાજુભાઈ છોટુભાઈ ચુનારા રહેવાસી-બ્લોક ન.૫૭/૧૭૯૩ શ્યામપ્રસાદ મુખર્જી નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર |

- આ ઉપરાંત મિલ્કત સબંધી શરીર સબંધી પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી <u>કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને વડોદરા સુરત ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.